# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
## સુરેન્દ્રનગર




# સંશોધન સારસંચય શ્રેણી




## ભાગ-2





**પ્રેરક**


**ડૉ. સી. ટી. ટૂંડિયા**
**પ્રાચાર્ય**
**DIET-સુરેન્દ્રનગર**

**સંપાદક**

**ડૉ. રાજેન્દ્રકુમાર ડી. પિતલિયા**
**લેક્ચરર,**
**DIET-સુરેન્દ્રનગર**



**શૈક્ષણિક વર્ષ : 2025-26**



**"નવીનતા અને સંશોધન એ પ્રગતિના આધારસ્તંભ છે."**



મને અત્યંત આનંદ અને ગર્વ થાય છે કે આપણી સંસ્થા દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020)ના દિશાનિર્દેશોને ધ્યાને રાખીને તૈયાર કરાયેલ 'સંશોધન સારસંચય શ્રેણી' પ્રકાશિત થઈ રહી છે. આ બુક આપણા પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓની બૌદ્ધિક ક્ષમતા, સખત પરિશ્રમ અને વૈજ્ઞાનિક અભિગમનું જીવંત પ્રતિબિંબ છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન પૂરતી સીમિત નથી, પરંતુ તે જ્ઞાનના વ્યવહારિક ઉપયોગ, આંતર-વિદ્યાશાખાકીય (Interdisciplinary) અભિગમ અને સર્જનાત્મક સંશોધન પર વિશેષ ભાર મૂકે છે. શિક્ષણ વ્યવસ્થામાં જ્યારે સંશોધન (Research) અને નવપ્રસ્થાન (Innovation) કેન્દ્રસ્થાને હોય, ત્યારે જ આપણે વૈશ્વિક સ્તરે 'જ્ઞાન મહાસત્તા' (Knowledge Superpower) બનવાનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકીએ છીએ.

આ સંશોધન સારાંશ બુકમાં સમાવિષ્ટ વિવિધ વિષયોના સંશોધન સારાંશ એ સાબિત કરે છે કે આપણા સંશોધકો સમાજની વાસ્તવિક સમસ્યાઓના ઉકેલ શોધવા માટે કટિબદ્ધ છે. જ્ઞાનની આ સરવાણી આગામી પેઢીના વિદ્યાર્થીઓ અને અન્ય સંશોધકો માટે પ્રેરણારૂપ દીવાદાંડી સાબિત થશે, તેવો મને દ્રઢ વિશ્વાસ છે.

આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે રાત-દિવસ સતત મહેનત કરનાર ડૉ. રાજેનકુમાર ડી. પિતલિયા, લેકચરર, DIET-સુરેન્દ્રનગર અને તમામ ઉત્સાહી સંશોધક શિક્ષકોને હું હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે અનેક વિધ શુભેચ્છાઓ વ્યક્ત કરું છું.

**"જ્ઞાનં પરમં બલમ્"**

**ડૉ. સી. ટી. ટૂંડિયા**
પ્રાચાર્ય,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

## :: નૂતન શિક્ષણ ક્ષિતિજ ::



## ક્રિયાત્મક સંશોધન દ્વારા શૈક્ષણિક પરિવર્તન

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP–2020) ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં એક યુગાંતરકારી પરિવર્તન લાવવા માટે કટિબદ્ધ છે. આ નીતિ માત્ર સૈદ્ધાંતિક જ્ઞાનને બદલે વ્યવહારિક, કૌશલ્ય આધારિત અને વિદ્યાર્થીકેન્દ્રી શિક્ષણ પર ભાર મૂકે છે. NEP–2020ના આ લક્ષ્યોને વર્ગખંડ સુધી પહોંચાડવા માટે શિક્ષક એક મુખ્ય કડી છે. વર્ગખંડની રોજિંદી સમસ્યાઓનો વૈજ્ઞાનિક અને તાર્કિક ઉકેલ શોધવા માટે 'ક્રિયાત્મક સંશોધન' (Action Research) એ સૌથી સશક્ત માધ્યમ છે.

શિક્ષણક્ષેત્રે પાયાના પરિવર્તન માટે શિક્ષકો પોતે જ એક સંશોધકની ભૂમિકા ભજવે તે સમયની માંગ છે. આ વિચારને સાર્થક કરવાના હેતુથી ઉત્સાહી અને કર્મઠ શિક્ષકો દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ ક્રિયાત્મક સંશોધનોને સંકલિત કરીને આ 'ક્રિયાત્મક સંશોધન સારાંશ બુક' તૈયાર કરવામાં આવી છે.

### પ્રસ્તુત સારાંશ બુકનો મુખ્ય ઉદ્દેશ્ય :

- ***NEP–2020નું અમલીકરણ :***
  શૈક્ષણિક નીતિના સિદ્ધાંતોને પ્રાયોગિક ધોરણે વર્ગખંડમાં લાગુ કરવા.
- ***નવીન પદ્ધતિઓનું આદાન–પ્રદાન :***
  શિક્ષકો દ્વારા શોધાયેલા સફળ પ્રયોગો અને નવીન શિક્ષણ પદ્ધતિઓ (Innovations) અન્ય શિક્ષકો સુધી પહોંચાડવી.
- ***વર્ગખંડની સમસ્યાઓનું નિવારણ :***
  ભાષાની કચાસ, ગણિતની કચાસ, અનિયમિતતા અને વિદ્યાર્થીઓના વર્તન–પરિવર્તન જેવા પ્રશ્નોના વ્યવહારિક ઉકેલો રજૂ કરવા.
- ***વ્યવસાયિક વિકાસ :***
  શિક્ષકોમાં સંશોધનાત્મક અભિગમ વિકસાવી તેમનો વ્યાવસાયિક ઉત્કર્ષ કરવો.

આ સારાંશ બુકમાં સમાવિષ્ટ દરેક સંશોધન વર્ગખંડની જીવંત પરિસ્થિતિઓમાંથી ઉદ્ભવ્યું છે. આમાં નબળા વિદ્યાર્થીઓનો શૈક્ષણિક સ્તર સુધારવા, ડિજિટલ સાધનોનો રચનાત્મક ઉપયોગ કરવા અને આનંદદાયક શિક્ષણ (Joyful Learning) આપવા માટેના

સફળ પ્રયાસોની ઝાંખી જોવા મળશે. ટૂંકા અને સચોટ સારાંશના કારણે અન્ય શિક્ષકો પણ આ પ્રયોગોને પોતાની શાળામાં સરળતાથી લાગુ કરી શકશે.

એક સંપાદક તરીકે, મને પૂર્ણ વિશ્વાસ છે કે આ સારાંશ બુક માત્ર એક દસ્તાવેજ બનીને નહીં રહે, પરંતુ શિક્ષકો માટે માર્ગદર્શિકા અને પ્રેરણાસ્ત્રોત સાબિત થશે. આ સારાંશ બુક શિક્ષણની ગુણવત્તા સુધારવાના આપણા સામૂહિક પ્રયાસોને નવી ઉર્જા આપશે.

આ સંશોધન સારાંશ બુકનું નિર્માણ કરવા માટે પ્રોત્સાહન અને માર્ગદર્શન આપનાર ડૉ. સી. ટી. ટૂંડિયા, પ્રાચાર્ય, **DIET**–સુરેન્દ્રનગરનો હૃદયપૂર્વક અભાર વ્યક્ત કરું છું. આ સારાંશ બુકના નિર્માણમાં જે સંશોધક શિક્ષક મિત્રોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે, તે તમામના હાર્દિક પ્રયાસોને હું બિરદાવું છું. આ કાર્યને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરનાર તમામ હિતધારકોનો હું અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

ચાલો, **NEP–2020**ના વિઝનને સાકાર કરવા માટે સંશોધન આધારિત શિક્ષણ તરફ આગળ વધીએ.


**ડૉ. રાજેન્દ્રકુમાર ડી. પિતલિયા**
લેકચરર,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

# અનુક્રમણિકા


| ક્રમ | સંશોધકનું નામ | સંશોધનનું શીર્ષક | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| 1 | ડૉ. રાજેનકુમાર ડી. પિતલીયા | પે–સેન્ટર શાળા નં.–7, વઢવાણના ધોરણ–6ના વિદ્યાર્થીઓની સંજ્ઞા સંબંધિત સમજનો અભ્યાસ | 1 |
| 2 | સુરેશભાઈ બી. ધોરિયા | ધોરણ–11ના વિદ્યાર્થીઓમાં કુમારો પ્રાર્થનાસભામાં સહભાગી બનતા નથી | 4 |
| 3 | જયેન્દ્રકુમાર કે. જાદવ | શ્રી મોરથળા પ્રાથમિક શાળા નં.–1, થાનગઢના ધોરણ–8ના વિદ્યાર્થીઓની Picture Description સમજનો અભ્યાસ | 6 |
| 4 | ગિરીશકુમાર ઝેડ. રાઠોડ | શ્રી જુના જસાપર પ્રાથમિક શાળાના ધોરણ–6ના કેટલાક વિદ્યાર્થીઓ હિન્દી વિષયમાં અક્ષરલેખન કુશળતાના અભાવનો અભ્યાસ | 8 |
| 5 | નયનાબેન આર. રાણા | શ્રી ચિરોડાભાદર પ્રાથમિક શાળાના ધોરણ–૩ના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં વાંચનમાં ભૂલ કરે છે | 10 |
| 6 | અરુણાબેન એમ. બોચિયા | ધોરણ–8ના વિદ્યાર્થીઓ હિન્દી વિષયના લેખનમાં જોડણીની ભૂલો કરે છે | 12 |
| 7 | અલ્પેશકુમાર કે. ચક્રવર્તી | શ્રી પરાલી પ્રાથમિક શાળાના ધોરણ–8ના વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં ભૂમિતિના પાયાના ખ્યાલો એકમની સંકલ્પના સમજાતી નથી | 14 |
| 8 | બ્રિજેશ આર. પાંચાણી | PM SHRI રાણાગઢ પ્રાથમિક શાળા નં. –1ના ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓમાં કચરાના વ્યવસ્થાપન અંગે જાગૃતિનો અભાવ | 16 |
| 9 | મદન ડી. મકવાણા | શ્રી વઢવાણ પ્રાથમિક શાળા નં. –11ના ધોરણ–2ના વિદ્યાર્થીઓ શબ્દ વાંચનમાં ભૂલો કરે છે | 18 |
| 10 | દેવરાજભાઈ વી. સિંધવ | લીંબડી ક્લસ્ટરના ધોરણ–1 અને 2 ના વિદ્યાર્થીઓને પ્રજ્ઞાવર્ગમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ | 21 |
| 11 | વિનોદભાઈ જે. સુમેરા | ધોરણ–4ના વિદ્યાર્થીઓની હિન્દીના મૂળાક્ષરો લખવામાં થતી ભૂલોનો અભ્યાસ | 23 |
| 12 | પ્રશાંતકુમાર પી. ભટ્ટ | ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓમાં ક્રિયાવિશેષણની સમજનો અભ્યાસ | 25 |

| ક્રમ | સંશોધકનું નામ | સંશોધનનું શીર્ષક | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| 13 | રમેશભાઈ પી. ચાવડા | ગોખરવાળા પ્રાથમિક શાળાના ધોરણ–8ના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષય પ્રત્યે અરુચિ ધરાવે છે | 27 |
| 14 | સુનીલકુમાર ડી. બારૈયા | ધોરણ–5ના વિદ્યાર્થીઓ હિન્દી વ્યાકરણના તાસમાં જોડાય છે, પરંતુ વિશેષણને ઓળખવામાં અને તેના પ્રકાર ઓળખવામાં ભૂલો કરે છે | 29 |
| 15 | જયપાલસિંહ જી. મસાણી | ત્રણ–ચાર દિવસની લાંબાગાળાની રજા બાદ વિદ્યાર્થીઓ એક–બે દિવસ શાળાએ આવતા નથી | 31 |
| 16 | રવિરાજસિંહ ડી. ઝાલા | વિદ્યાર્થીઓ પુસ્તકો અને પુસ્તકાલયથી દૂર થતા જાય છે | 33 |
| 17 | સંજયકુમાર વી. ગાબુ | ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓની પુસ્તકાલયના પુસ્તકના ઓછા ઉપયોગનો અભ્યાસ | 35 |
| 18 | હેતલ એમ. શુક્લ | ધોરણ–6ના વિદ્યાર્થીઓમાં અંગ્રેજી શબ્દભંડોળનો અભાવ જોવા મળે છે | 38 |
| 19 | સ્નેહા એસ. ખંધાર | શ્રી ચમારજ પે–સેન્ટર શાળાના ધોરણ–8ના વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણમાં ભૂલો કરે છે | 42 |

## **સંશોધન–1**

- **વિષય** : ગુજરાતી
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : પે–સેન્ટર શાળા નં.–7, વઢવાણના ધોરણ–6ના વિદ્યાર્થીઓની સંજ્ઞા સંબંધિત સમજનો અભ્યાસ
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : ડૉ. રાજેનકુમાર ડી. પિતલીયા
- **શાળાનું નામ** : DIET–સુરેન્દ્રનગર
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

**<u>અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક G6.5.6 વ્યક્તિવાચક, સમૂહવાચક, જાતિવાચક, દ્રવ્યવાચક અને ભાવવાચક નામ ઓળખાવે અને માગ્યા પ્રમાણે ઉપયોગ કરે છે.</u>** સંદર્ભેનું વિદ્યાર્થીઓનું જ્ઞાન ચકાસવા પૂર્વ–કસોટી લેવામાં આવી હતી. પૂર્વ–કસોટી સમયે 12 કુમાર અને 13 કન્યાઓ મળી કુલ 25 વિદ્યાર્થીઓ હાજર હતા. જેનું પરિણામ નીચે મુજબ મળ્યું હતું.

★ 48% વિદ્યાર્થીઓ વ્યક્તિવાચક સંજ્ઞા સંદર્ભેની સમજ ધરાવતા હતા.

★ 40% વિદ્યાર્થીઓ જાતિવાચક સંજ્ઞા સંદર્ભેની સમજ ધરાવતા હતા.

★ 44% વિદ્યાર્થીઓ સમૂહવાચક સંજ્ઞા સંદર્ભેની સમજ ધરાવતા હતા.

★ 84% વિદ્યાર્થીઓ દ્રવ્યવાચક સંજ્ઞા સંદર્ભેની સમજ ધરાવતા હતા. જયારે

★ 56% વિદ્યાર્થીઓ ભાવવાચક સંજ્ઞા સંદર્ભેની સમજ ધરાવતા હતા.

આમ, સંજ્ઞાને ઓળખવામાં થતી ભૂલોના કારણો શોધી તે નિવારવા માટે સંશોધક દ્વારા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- ★ સંજ્ઞા ઓળખવામાં વિદ્યાર્થીઓ દ્વારા થતી ભૂલોના કારણો જાણવા.
- ★ ભૂલોના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરી તેની અજમાયશ કરવી.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને ચાર દિવસના રોજના એક તાસ લેખે કુલ ચાર તાસનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં સંજ્ઞા સંબંધિત સમજ સ્પષ્ટ કરવા ચાર્ટ, વર્કકાર્ડ, પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે પ્રશ્નોત્તરી, જૂથચર્ચા, અવલોકન, ગૃહકાર્ય જેવી પ્રયુક્તિઓ અને પદ્ધતિઓનો સંશોધક દ્વારા ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**3.2 નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં પે–સેન્ટર શાળા નં.–7, વઢવાણના ધોરણ–6 (અ)ના 30 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં 16 કુમારો અને 14 કન્યાઓ હતી.

**3.3 ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં ચાર્ટ, વર્કકાર્ડ, પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે સંશોધક દ્વારા 20 ગુણની કસોટી રચવામાં આવી હતી.

**3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

(1) 92% વિદ્યાર્થીઓ વ્યક્તિવાચક સંજ્ઞા સંદર્ભેની સમજ ધરાવતા થયા હતા. આમ, 44% જેટલો વધારો થયો હતો.

(2) 88% વિદ્યાર્થીઓ જાતિવાચક સંજ્ઞા સંદર્ભેની સમજ ધરાવતા થયા હતા. આમ, 48% જેટલો વધારો થયો હતો.

(3) 84% વિદ્યાર્થીઓ સમૂહવાચક સંજ્ઞા સંદર્ભેની સમજ ધરાવતા થયા હતા. આમ, 40% જેટલો વધારો થયો હતો.

(4) 100% વિદ્યાર્થીઓ દ્રવ્યવાચક સંજ્ઞા સંદર્ભેની સમજ ધરાવતા થયા હતા. આમ, 16% જેટલો વધારો થયો હતો.

(5) 94% વિદ્યાર્થીઓ ભાવવાચક સંજ્ઞા સંદર્ભેની સમજ ધરાવતા થયા હતા. આમ, 38% જેટલો વધારો થયો હતો.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

★ શિક્ષકે વ્યાકરણ શીખવતી વખતે Innovative Pedagogy નો ઉચિત રીતે ઉપયોગ કરવો જોઈએ.

★ શિક્ષકે વ્યાકરણ સંબંધિત મુદ્દાઓ શીખવતી વખતે રમત–ગમત, ક્વીઝ, સંવાદ, ICT જેવા માધ્યમનો સવિશેષ વિનિયોગ કરવો જોઈએ.

★ શિક્ષકે વ્યાકરણ સંબંધિત મુદ્દાઓ શીખવતી વખતે પૂરતી માત્રામાં દ્રષ્ટાંતો પ્રસ્તુત કરવા જોઈએ. વ્યાકરણના મુદ્દા સંબંધિત સાહિત્ય તૈયાર કરવું જોઈએ.

★ ગદ્યનું પઠન કરાવતી વખતે વાક્યમાં આવતી સંજ્ઞાની માહિતી આપવી જોઈએ.

★ વિદ્યાર્થીઓને ક્રિયાશીલ ગૃહકાર્ય આપવાનું આયોજન કરવું જોઈએ.

## સંશોધન–2

❖ **વિષય** : મનોવિજ્ઞાન

❖ **સ્તર** : ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ

❖ **શીર્ષક** : ધોરણ–11ના વિદ્યાર્થીઓમાં કુમારો પ્રાર્થનાસભામાં સહભાગી બનતા નથી

❖ **ભાષા** : ગુજરાતી

❖ **સંશોધાકનું નામ** : સુરેશભાઈ બી. ધોરિયા

❖ **શાળાનું નામ** : ડૉ. જે. ડી. કોઠારી માધ્યમિક શાળા, ચોકડી, ચુડા

❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

### (1) પ્રસ્તાવના

ડૉ. જે. ડી. કોઠારી માધ્યમિક શાળાના ધોરણ–11ના કુમારો પ્રાર્થનાસભામાં સક્રિય રીતે જોડતા ન હતા, આ બાબત અવલોકન કરતા સંશોધકના ધ્યાને આવી હતી. આ પાછળના કારણો ચકાસી આ સમસ્યાનો હલ કરવા સંશોધક દ્વારા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

### (2) અભ્યાસના હેતુઓ

★ કુમારોના પ્રાર્થનાસભા કાર્યક્રમમાં સક્રિય રીતે ભાગ ન લેવા પાછળના કારણો જાણવા.

★ સમસ્યાના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરી તેની અજમાયશ કરવી.

### (3) કાર્ય પદ્ધતિ

#### 3.1 સંશોધન યોજના

સમસ્યાના સંભવિત કારણો તપાસીને અઠવાડિક ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. દરરોજ છેલ્લાં તાસ દરમિયાન સંગીતના સાધનો સાથે વિદ્યાર્થીઓને લયબદ્ધ રીતે શીખવવામાં આવતું હતું.

### 3.2 નિદર્શ પસંદગી

ડૉ. જે. ડી. કોઠારી માધ્યમિક શાળા, ચોકડીના 31 વિદ્યાર્થીઓ હતા. જે પૈકી 21 કન્યાઓ અને 10 કુમારો હતા. પ્રસ્તુત અભ્યાસમાં 10 કુમારોને નમૂના તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા અવલોકન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

પ્રયોગ પૂર્વે કુમારો પ્રાર્થનાસભામાં ભાગ લેતા ન હતા. પ્રયોગ બાદ 10 પૈકી 6 કુમારો પ્રાર્થનાસભામાં સક્રિય રીતે જોડાયા હતા. આમ, સંશોધકને 60% જેટલી સફળતા પ્રાપ્ત થઈ હતી.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

★ શિક્ષકે વિદ્યાર્થીઓમાં સ્ટેજ ફીઅર દૂર થાય તે માટે પ્રયત્ન કરવો જોઈએ.

★ વિદ્યાર્થીઓને સૌ પ્રથમ નાના ટાસ્ક આપવા જોઈએ.

★ પ્રાર્થના કાર્યક્રમ વૈવિધ્યસભર હોવો જોઈએ.

★ સંગીતના સાધનોનો ઉપયોગ કરવો જોઈએ.

## **સંશોધન**–3

- **વિષય** : અંગ્રેજી
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : શ્રી મોરથળા પ્રાથમિક શાળા નં.–1, થાનગઢના ધોરણ–8ના વિદ્યાર્થીઓની Picture Description સમજનો અભ્યાસ
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : જયેન્દ્રકુમાર કે. જાદવ
- **શાળાનું નામ** : સી.આર.સી. કૉ–ઑર્ડિનેટર, દેવળિયા
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

સંશોધક દ્વારા શ્રી મોરથળા પ્રાથમિક શાળા નં.–1, થાનગઢની મુલાકત લેવામાં આવી ત્યારે ધ્યાને આવ્યું કે....

★ વિદ્યાર્થીઓ અંગ્રેજી વાક્ય રચનાની પૂરતી સમજ ધરાવતા ન હતા.

★ વિદ્યાર્થીઓનું અંગ્રેજી શબ્દભંડોળ ખૂબ જ નહિવત હતું.

★ શિક્ષકો દ્વારા ચિત્ર નિદર્શનનો મહાવરો પૂરતા પ્રમાણમાં કરાવવામાં આવ્યો ન હતો.

ધોરણ–8માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી 65% વિદ્યાર્થીઓને અંગ્રેજી લેખનમાં મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા દૂર કરવા સંશોધક દ્વારા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

(2) **અભ્યાસના હેતુઓ**

★ વિદ્યાર્થીઓ ચિત્ર અથવા વસ્તુના આધારે અંગ્રેજીમાં વાક્ય લેખન કરી શકતા ન હતા (અધ્યયન નિષ્પત્તિ E827, E630 અને E730) તે પાછળના કારણો જાણવા.

★ સમસ્યાના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરી તેની અજમાયશ કરવી.

## (3) કાર્ય પદ્ધતિ

### 3.1 સંશોધન યોજના

સમસ્યાના સંભવિત કારણો તપાસીને એક સપ્તાહનું રોજના એક તાસ લેખે કુલ આઠ તાસનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

### 3.2 નિદર્શ પસંદગી

શ્રી મોરથળા પ્રાથમિક શાળા નં.–1, થાનગઢના ધોરણ–8ના વિદ્યાર્થીઓને નમૂના તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા ઉત્તર કસોટીની રચના કરવામાં આવી હતી.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

★ 95% વિદ્યાર્થીઓને સર્વનામની ઓળખ સ્પષ્ટ થઈ હતી.

★ 85% વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં સરળ વાક્યોનું લેખન કરતા થયા હતા.

★ 80% વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ વિકસ્યું હતું.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

★ શિક્ષકે ગુજરાતી અને અંગ્રેજી વાક્ય રચના અંગેની સમજ સ્પષ્ટ કરવી જોઈએ.

★ વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ વધે તેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.

★ દરેક વિદ્યાર્થીઓને તક આપી, શિક્ષકે મુહાવરો પૂરો પાડવો જોઈએ.

## સંશોધન-4

- **વિષય** : અંગ્રેજી
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : શ્રી જુના જસાપર પ્રાથમિક શાળાના ધોરણ-6ના કેટલાક વિદ્યાર્થીઓ હિન્દી વિષયમાં અક્ષરલેખન કુશળતાના અભાવનો અભ્યાસ
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : ગિરીશકુમાર ઝેડ. રાઠોડ
- **શાળાનું નામ** : શ્રી જુના જસાપર પ્રાથમિક શાળા, સાયલા
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025-26

(1) **પ્રસ્તાવના**

સંશોધકને ધ્યાને આવ્યું હતું કે, શ્રી જુના જસાપર પ્રાથમિક શાળાના ધોરણ-6ના વિદ્યાર્થીઓને લેખન માટે યોગ્ય માર્ગદર્શન મળતું ન હતું. શિક્ષકો મૂળાક્ષરોના વળાંકો પર પૂરતું ધ્યાન આપતા ન હતા જેથી વિદ્યાર્થીઓમાં હિન્દી વિષયમાં અક્ષરલેખન કુશળતાના અભાવ જોવા મળતો હતો. આ સમસ્યા નિવારવા માટે સંશોધક દ્વારા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

(2) **અભ્યાસના હેતુઓ**

★ અક્ષરલેખન સુધારણા કાર્યક્રમની રચના અને અજમાયશ કરવી.

## (3) કાર્ય પદ્ધતિ

### 3.1 સંશોધન યોજના

સમસ્યાના સંભવિત કારણો તપાસીને કુલ નવ તાસનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

### 3.2 નિદર્શ પસંદગી

શ્રી જુના જસાપર પ્રાથમિક શાળાના ધોરણ–6ના વિદ્યાર્થીઓને નમૂના તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા વિદ્યાર્થીઓને અનુલેખન અને શ્રુત લેખન કરાવવામાં આવ્યું હતું.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

★ 64% વિદ્યાર્થીઓ સારા અક્ષરોથી લેખન કરતા થયા હતા.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

★ શિક્ષકે હિન્દીના મૂળાક્ષરોનું યોગ્ય રીતે માર્ગદર્શન આપવું જોઈએ.

★ વાક્ય લેખનનો વારંવાર મહાવરો કરાવવો જોઈએ.

## સંશોધન–5

- ❖ **વિષય** : અંગ્રેજી
- ❖ **સ્તર** : નિમ્ન પ્રાથમિક વિભાગ
- ❖ **શીર્ષક** : શ્રી ચિરોડાભાદર પ્રાથમિક શાળાના ધોરણ–3ના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં વાંચનમાં ભૂલ કરે છે
- ❖ **ભાષા** : ગુજરાતી
- ❖ **સંશોધકનું નામ** : નયનાબેન આર. રાણા
- ❖ **શાળાનું નામ** : શ્રી ચિરોડાભાદર પ્રાથમિક શાળા, ચોટીલા
- ❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

### (1) પ્રસ્તાવના

શ્રી ચિરોડાભાદર પ્રાથમિક શાળાના ધોરણ–3ના વિદ્યાર્થીઓ અંગ્રેજી વાંચનમાં શા માટે મુશ્કેલી અનુભવે છે તેના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

### (2) અભ્યાસના હેતુઓ

★ અંગ્રેજી વાંચન કરતી વખતે વિદ્યાર્થીઓ કેવી કેવી મુશ્કેલીઓ અનુભવે છે તેના કારણો તપાસવા.

★ અંગ્રેજી વાંચનમાં થતી ભૂલોના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

### (3) કાર્ય પદ્ધતિ

#### 3.1 સંશોધન યોજના

સમસ્યાના સંભવિત કારણો તપાસીને આઠ સપ્તાહનો દરરોજ ઓછામાં ઓછી 10 મિનિટ અને વધુમાં વધુ 20 મિનિટની પ્રવૃત્તિઓનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ફ્લેશ કાર્ડ, શબ્દરમત,

પિયર લર્નિંગ, ચિત્ર આધારિત વાર્તા, રોલ–પ્લે જેવી પ્રવિધિઓ દ્વારા વિદ્યાર્થીઓને અંગ્રેજી વાંચનનો મહાવરો કરાવવામાં આવ્યો હતો.

### 3.2 નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં શ્રી ચિરોડાભાદર પ્રાથમિક શાળાના ધોરણ–3ના 21 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં ફ્લેશ કાર્ડ, શબ્દરમત, વિવિધ રમતોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મૂલ્યાંકન માટે પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી સંશોધક દ્વારા રચવામાં આવી હતી.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા ટી–કસોટીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

ધોરણ–3ના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરીનું ટી–મૂલ્ય 3.86 મળ્યું હતું. જે 0.01 કક્ષાએ સાર્થક હતું. આમ, અમલમાં મૂકેલ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો એમ કહી શકાય.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

★ ફ્લેશકાર્ડ, શબ્દરમત, શબ્દમેળાપ જેવી પ્રવૃત્તિઓ દ્વારા શબ્દભંડોળ સમૃદ્ધ કરવું.

## **સંશોધન**–6

- ❖ **વિષય** : હિન્દી
- ❖ **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- ❖ **શીર્ષક** : ધોરણ–8ના વિદ્યાર્થીઓ હિન્દી વિષયના લેખનમાં જોડણીની ભૂલો કરે છે
- ❖ **ભાષા** : ગુજરાતી
- ❖ **સંશોધકનું નામ** : અરુણાબેન એમ. બોચિયા
- ❖ **શાળાનું નામ** : ચામુંડાનગર પ્રાથમિક શાળા, ચોટીલા
- ❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

શ્રી ચામુંડાનગર પ્રાથમિક શાળા, ચોટીલાના ધોરણ–8ના વિદ્યાર્થીઓ હિન્દી વિષયના લેખનમાં જોડણીની ભૂલો કરતા હતા, તેના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

★ વિદ્યાર્થીઓ દ્વારા હિન્દી વિષયના લેખનમાં જોડણીમાં થતી ભૂલોના કારણો તપાસવા.

★ જોડણીની ભૂલોના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને ચાર તાસની પ્રવૃત્તિઓનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં શબ્દ લેખન, ચાર્ટ, વાર્તાચિત્રો, જોડણીકોશ દ્વારા વિદ્યાર્થીઓને હિન્દી લેખનનો મહાવરો કરાવવામાં આવ્યો હતો.

### 3.2 નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં શ્રી ચામુંડાનગર પ્રાથમિક શાળા, ચોટીલાના ધોરણ–8ના વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં શબ્દ લેખન, ચાર્ટ, વાર્તાચિત્રો, જોડણીકોશનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારી પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

ધોરણ–8ના વિદ્યાર્થીઓ પૈકી 85% વિદ્યાર્થીઓ હિન્દી લેખન જોડણીની ભૂલો વિના કરતા થયા હતા.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

★ વિદ્યાર્થીઓને હિન્દી લેખનનો મહાવરો કરાવવો જોઈએ.

★ વિદ્યાર્થીઓ શબ્દકોશનો ઉપયોગ કરતા થાય તે માટે તેઓને પ્રોત્સાહિત કરવા જોઈએ.

## સંશોધન–7

- **વિષય** : ગણિત
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : શ્રી પરાલી પ્રાથમિક શાળાના ધોરણ–8ના વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં ભૂમિતિના પાયાના ખ્યાલો  એકમની સંકલ્પના સમજાતી નથી
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધકનું નામ** : અલ્પેશકુમાર કે. ચક્રવર્તી
- **શાળાનું નામ** : શ્રી પરાલી પ્રાથમિક શાળા, લીંબડી
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

### (1) પ્રસ્તાવના

શ્રી પરાલી પ્રાથમિક શાળા, લીંબડીના ધોરણ–8ના વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં ભૂમિતિના પાયાના ખ્યાલો સમજવામાં મુશ્કેલી પડતી હતી, તેના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

### (2) અભ્યાસના હેતુઓ

★ ધોરણ–8ના વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં ભૂમિતિના પાયાના ખ્યાલો સમજવામાં પડતી મુશ્કેલીઓના કારણો તપાસવા.

★ તેના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

### (3) કાર્ય પદ્ધતિ

#### 3.1 સંશોધન યોજના

સમસ્યાના સંભવિત કારણો તપાસીને નવ દિવસના સુધાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### 3.2 નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં શ્રી પરાલી પ્રાથમિક શાળા, લીંબડીના ધોરણ–8ના કુલ 52 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા નવ દિવસનો સુધાર કાર્યક્રમ તૈયાર કરી તેને અમલમાં મૂકવામાં આવ્યો હતો.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારી પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

ધોરણ–8ના વિદ્યાર્થીઓ પૈકી 92% વિદ્યાર્થીઓ ભૂમિતિના પાયાના ખ્યાલોથી માહિતગાર થયા હતા. આમ, સંશોધક દ્વારા રચવામાં આવેલો સુધાર કાર્યક્રમ અસરકારક સાબિત થયો હતો.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

★ વિદ્યાર્થીઓને ભૂમિતિના પાયાના ખ્યાલો પ્રેક્ટીકલ રીતે સમજાવવા જોઈએ.

## સંશોધન–8

- **વિષય** : પર્યાવરણ
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : PM SHRI રાણાગઢ પ્રાથમિક શાળા નં. –1ના ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓમાં કચરાના વ્યવસ્થાપન અંગે જાગૃતિનો અભાવ
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : બ્રિજેશ આર. પાંચાણી
- **શાળાનું નામ** : PM SHRI રાણાગઢ પ્રાથમિક શાળા નં. –1, લીંબડી
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

PM SHRI રાણાગઢ પ્રાથમિક શાળા નં. –1ના વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે હકારાત્મક વલણ વધારવા સંશોધક દ્વારા પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન હાથ ધરાયું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

★ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવી.

★ વિદ્યાર્થીઓમાં કચરા વ્યવસ્થાપનની સમજ કેળવવી.

★ પર્યાવરણીય શિક્ષણને પ્રવૃત્તિ આધારિત બનાવવું.

★ શાળામાં પર્યાવરણ–પ્રેમી ટેવોનું સિંચન કરવું.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

★ આ એક પ્રાયોગિક સંશોધન હતું.

★ જેમાં પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

★ દૃશ્ય–શ્રાવ્ય માધ્યમોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 3.2 નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં PM SHRI રાણાગઢ પ્રાથમિક શાળા નં. –1, લીંબડીના ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા માહિતી મેળવવા માટે પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની પર્યાવરણ પ્રત્યેની જાગૃતતા જાણવા માટે અવલોકન પત્રક તૈયાર કરવામાં આવ્યું હતું.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

★ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પરિણામોની તુલના કરી.

★ આંકડાકીય માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું.

★ અવલોકન આધારિત ગુણાત્મક માહિતીનું વિશ્લેષણ કરાયું.

## (4) અભ્યાસના તારણો

★ વિદ્યાર્થીઓ કચરાનો યોગ્ય નિકાલ કરતા શીખ્યા.

★ શાળાના પટાંગણમાં સ્વચ્છતા જોવા મળી.

★ કચરામાંથી કમ્પોસ્ટ ખાતર તૈયાર થવા લાગ્યું.

★ વિદ્યાર્થીઓ વનસ્પતિનું જતન કરતા થયા.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

★ શાળામાં પર્યાવરણ ક્લબ ઊભી કરવી.

★ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને કે તેના જૂથને પ્રોત્સાહિત કરવું જોઈએ.

## સંશોધન–9

- ❖ **વિષય** : ગુજરાતી
- ❖ **સ્તર** : નિમ્ન પ્રાથમિક વિભાગ
- ❖ **શીર્ષક** : શ્રી વઢવાણ પ્રાથમિક શાળા નં. –11ના ધોરણ–2ના વિદ્યાર્થીઓ શબ્દ વાંચનમાં ભૂલો કરે છે
- ❖ **ભાષા** : ગુજરાતી
- ❖ **સંશોધકનું નામ** : મદન ડી. મકવાણા
- ❖ **શાળાનું નામ** : સી.આર.સી. કૉ–ઑર્ડિનેટર, વઢવાણ–13
- ❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

શ્રી વઢવાણ પ્રાથમિક શાળા નં.–11 ના ધોરણ–2ના વિદ્યાર્થીઓમાં શબ્દ વાંચન દરમિયાન જોવા મળતી વિવિધ ભૂલો અને મુશ્કેલીઓને દૂર કરવા માટે આ ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. બાળકોમાં મૂળાક્ષરોની ઓળખ, ઉચ્ચારણ અને જોડાક્ષરોના વાંચનની ક્ષમતા સુધારવા આ અભ્યાસ કેન્દ્રિત હતો.

(2) **અભ્યાસના હેતુઓ**

- ★ વિદ્યાર્થીઓમાં કક્કાના મૂળાક્ષરો અને સમાન લાગતા અક્ષરો જેવા કે, પ-ય, ટ-ડ, ઢ-ઠના વાંચનની મુશ્કેલી નિવારવી.
- ★ સ, શ, ચ, છ જેવા વર્ણોનું યોગ્ય અને સ્પષ્ટ ઉચ્ચારણ કરાવવું.
- ★ કાનાવાળા, હ્રસ્વ-દીર્ઘ ઈ તેમજ માત્રાવાળા પ્રત્યયોવાળા શબ્દોનું ભૂલરહિત વાંચન શીખવવું.
- ★ અઘરા અક્ષરો (પ્ર, ક્ર, ત્ર, ઋ), અનુસ્વાર અને જોડિયા શબ્દોના વાંચનમાં પડતી તકલીફ દૂર કરવી.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

★ આ સંશોધનમાં પ્રાયોગિક અને ઉપચારાત્મક શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

★ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ, રમતો અને TLM આધારિત પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરી તેનો અમલ કરવામાં આવ્યો હતો.

**3.2 નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં શ્રી વઢવાણ પ્રાથમિક શાળા નં.–11 ના ધોરણ–2ના કુલ 18 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**3.3 ઉપકરણ**

★ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી.

★ મૂળાક્ષર, સાદા શબ્દો, પ્રત્યયવાળા શબ્દો, અઘરા અક્ષરો અને અનુસ્વાર-જોડિયા શબ્દો માટેના ક્રમશઃ પરિશિષ્ટ ૧ થી ૫.

**3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ**

સંશોધનની શરૂઆતમાં પાયાની માહિતી મેળવવા માટે બ્લેકબોર્ડ પર વિદ્યાર્થીનીઓ પાસે વાંચન કરાવીને અવલોકન કરવામાં આવ્યું. તેમની વ્યક્તિગત વાતચીત સાંભળીને તેમજ પૂર્વ કસોટીના પરિણામો દ્વારા કયા અક્ષરો કે શબ્દોમાં ભૂલો થાય છે તેની વિગતવાર માહિતી સંશોધક દ્વારા એકત્ર કરવામાં આવી હતી.

**3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ**

★ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પરિણામોની તુલના કરી.

★ આંકડાકીય માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું.

★ અવલોકન આધારિત ગુણાત્મક માહિતીનું વિશ્લેષણ કરાયું.

(4) **અભ્યાસના તારણો**

- ★ મૂળાક્ષરો : 50%થી વધીને 80%
- ★ સાદા શબ્દો : 48%થી વધીને 80%
- ★ પ્રત્યયવાળા શબ્દો : 44%થી વધીને 75%
- ★ અઘરા અક્ષરો (પ્ર, ક્ર, ત્ર, ઋ) : 38%થી વધીને 65%
- ★ અનુસ્વાર અને જોડાક્ષરો : 30%થી વધીને 60%

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

- ★ **નિયમિત મહાવરો** : શાળામાં બાળકોને રોજ યોગ્ય ઉચ્ચારણ સાથે નિયમિત વાંચન કરાવવું જોઈએ.
- ★ **પ્રવૃત્તિમય શિક્ષણ** : જોડિયા કે અઘરા શબ્દો શીખવતી વખતે શબ્દને અનુરૂપ એક્શન કે રમત (જેમ કે પંખી ઉડવાની એક્શન) ગોઠવવી જોઈએ.
- ★ **ટી.એ.એમ.નો ઉપયોગ** : વર્ગખંડમાં ચાર્ટ, અક્ષરોનું તોરણ, કક્કાનું વૃક્ષ વગેરે જેવા શૈક્ષણિક સાધનોનો મહત્તમ ઉપયોગ કરવો અનિવાર્ય છે.
- ★ **શિક્ષક-પ્રશિક્ષણ** : શિક્ષકોએ ભાષા શિક્ષણમાં લોકબોલી કે તળપદી ભાષાના પ્રભાવને દૂર કરવા માટે પોતાના આદર્શ વાંચન અને શ્રવણ કૌશલ્ય પર ભાર મૂકવો જોઈએ.

## **સંશોધન**–10

- ❖ **વિષય** : પ્રજ્ઞા અભિગમ
- ❖ **સ્તર** : નિમ્ન પ્રાથમિક વિભાગ
- ❖ **શીર્ષક** : લીંબડી ક્લસ્ટરના ધોરણ–1 અને 2 ના વિદ્યાર્થીઓને પ્રજ્ઞાવર્ગમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ
- ❖ **ભાષા** : ગુજરાતી

❖ **સંશોધકનું નામ** : દેવરાજભાઈ વી. સિંધવ

❖ **શાળાનું નામ** : સી.આર.સી. કો–ઑર્ડિનેટર, લીંબડી–9

❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

લીંબડી–9 ક્લસ્ટરની શાળાઓમાં ધોરણ 1 અને 2 ના પ્રજ્ઞાવર્ગના વિદ્યાર્થીઓમાં પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન (FLN), સંખ્યા જ્ઞાન અને વર્ગખંડમાં ભાગીદારીમાં નડતી મુશ્કેલીઓનો ઉકેલ શોધવા સંશોધક દ્વારા આ ક્રિયાત્મક સંશોધન (Action Research) હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

★ **FLN સ્કોર વધારવો** : પ્રજ્ઞા પ્રવૃત્તિ કાર્ડ, લઘુ TLM અને સચોટ સ્ટેશન રોટેશન દ્વારા ૮ અઠવાડિયામાં FLN સ્કોર 15% કે તેથી વધુ વધારવો.

★ **વર્ગ ભાગીદારીમાં સુધારો** : અઠવાડિયામાં 2 વખત રૂબ્રિક આધારિત ફીડબૅક આપીને વિદ્યાર્થીઓની વર્ગ ભાગીદારીમાં વધારો કરવો.

★ **વાલી સહભાગીદારી** : વાલી સંપર્ક અને વાંચન કિટ દ્વારા અક્ષર/શબ્દ ઓળખમાં 20% સુધીનો સુધારો લાવવો.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

★ આ સંશોધનમાં સતત ફીડબૅક આધારિત 'One-Group Pre–test અને Post–test' પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**3.2 નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં લીંબડી ક્લસ્ટર–9માં સમાવિષ્ટ પ્રાથમિક શાળાઓ પૈકીની 6 શાળાઓની સહેતુક પસંદગી કરવામાં આવી હતી. દરેક શાળાઓમાંથી યાદચ્છિક

રીતે 20 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. આમ, કુલ 120 વિદ્યાર્થીઓ નમૂનામાં સમાવિષ્ટ હતા.

### 3.3 ઉપકરણ

★ આઠ અઠવાડિયા માટે પ્રવૃત્તિ કાર્ડ, TLM કિટ, સમવય સહઅભ્યાસ (Pair & Trio), માઇક્રો-ટિચિંગ (સાપ્તાહિક બે મિનીલેસન), ઘરે વાંચન કિટ અને પખવાડિક વાલી–સંવાદનો અમલ કરાયો.

★ દરરોજ 20 મિનિટના 3 સ્ટેશનો (ભાષા, ગણિત અને સ્વતંત્ર પઠન/રમતિયાળ સ્ટેશન) ચલાવવામાં આવ્યા.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવા માટે સંશોધન અગાઉ (Pre-test) અને સંશોધન બાદ (Post-test) નીચેના સાધનો દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી :

★ **ભાષા** : અક્ષર-ઓળખ, ધ્વનિ-મિલાપ, શબ્દ અને વાક્ય વાંચન.

★ **ગણિત** : સંખ્યા-ઓળખ (1-99), ગણતરી અને વસ્તુ-સંબંધ.

★ **વર્ગવર્તન** : ધ્યાન અને સામગ્રી સંભાળ માટે ૫-પોઈન્ટ રૂબ્રિક.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

★ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પરિણામોની તુલના કરી.

★ આંકડાકીય માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું.

## (4) અભ્યાસના તારણો

ભાષામાં અક્ષર ઓળખ, શબ્દ ઓળખ, વાક્ય વાંચન અને તેના અર્થગ્રહણમાં પૂર્વ કસોટી કરતાં ઉત્તર કસોટીમાં વિદ્યાર્થીઓએ વધુ ગુણ પ્રાપ્ત કર્યા હતા. ગણિતમાં સંખ્યા ઓળખ અને સરળ ગાણિતિક ક્રિયાઓમાં પણ ઉત્તર કસોટીનું પરિણામ પૂર્વ કસોટીના પરિણામ કરતાં ઊંચું જોવા મળ્યું હતું.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

★ **વર્ગખંડ વ્યવસ્થાપન** : પ્રજ્ઞાવર્ગની અંદર લેડર મુજબ કાર્ડની પસંદગી, છાબડીની માહિતી આપવી અને કાર્ડ સિદ્ધિ બાદ તેને યોગ્ય જગ્યાએ મૂકવાની ટેવ પાડવી.

★ **સ્વયં–શિક્ષણને પ્રોત્સાહન** : બાળકો કોઈ પણ સંકોચ વિના, માર્ગદર્શન વગર જાતે પોતાનું જૂથ પસંદ કરી બેસે અને સ્વાધ્યાયપોથીમાં યોગ્ય જગ્યાએ લખે તેવું ભયમુક્ત વાતાવરણ નિર્માણ કરવું.

★ **શિક્ષક પ્રશિક્ષણ** : શિક્ષકોને સ્ટેશન રોટેશન, લઘુ TLM નો ઉપયોગ અને રૂબ્રિક આધારિત સતત મૂલ્યાંકન (ગ્રીન/યેલો/રેડ કોડિંગ) કરવા માટે તાલીમ આપવી જરૂરી છે.

## **સંશોધન**–11

- **વિષય** : હિન્દી
- **સ્તર** : નિમ્ન પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : ધોરણ–4ના વિદ્યાર્થીઓની હિન્દીના મૂળાક્ષરો લખવામાં થતી ભૂલોનો અભ્યાસ
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : વિનોદભાઈ જે. સુમેરા
- **શાળાનું નામ** : સી.આર.સી. કો–ઓર્ડિનેટર, ચોકડી, ચુડા
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

શ્રી નવી મોરવાડ પે–સેન્ટર શાળા, ચુડાના ધોરણ–4ના વિદ્યાર્થીઓ હિન્દી મૂળાક્ષરો લખવામાં ભૂલો કરતા હતા, જે સમસ્યા નિવારવા સંશોધક દ્વારા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

(2) **અભ્યાસના હેતુઓ**

★ વિદ્યાર્થીઓમાં હિન્દી મૂળાક્ષરોના લેખનની ભૂલો નિવારવી.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

★ હિન્દી મૂળાક્ષર લેખનમાં વિદ્યાર્થીઓ દ્વારા થતી ભૂલોના કારણો શોધવા વિવિધ 16 સંભવિત કારણો તૈયાર કરવામાં આવ્યા હતા.

★ પ્રવૃત્તિ, રમત અને સ્માર્ટ ટેકનોલોજી આધારિત પ્રાયોગિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**3.2 નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસના નમૂનામાં કુલ 45 વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો.

**3.3 ઉપકરણ**

★ શૈક્ષણિક સાધન તરીકે સ્માર્ટ બોર્ડ, સ્માર્ટ ટી.વી. અને કમ્પ્યૂટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

★ પ્રવૃત્તિ માટે કલર, કાર્ડશીટ અને મૂળાક્ષરો લખેલી ચિઠ્ઠીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ**

★ પ્રયોગ પૂર્વે અને પ્રયોગ દરમિયાન વિદ્યાર્થીઓના લેખન કાર્યનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

★ વિદ્યાર્થીઓની લેખન ક્ષમતાનું પ્રવૃત્તિઓ આધારિત મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

**3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ**

આંકડાકીય માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(4) **અભ્યાસના તારણો**

પ્રયોગ પૂર્વે 45 વિદ્યાર્થીઓ પૈકી 22 (49%) વિદ્યાર્થીઓને મૂળાક્ષરોની લેખન સમજ ઓછી હતી, પ્રયોગ બાદ 22 પૈકી 20 (91%) વિદ્યાર્થીઓ સારી રીતે લેખન કાર્ય કરતા થયા હતા.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

★ વર્ગખંડમાં ટીએલએમ (TLM) ચાર્ટ અને આધુનિક સ્માર્ટ બોર્ડનો ઉપયોગ વધારવો જોઈએ.

★ હસ્તાક્ષરના પ્રારંભિક શિક્ષણ અને અક્ષરોના મરોડ પર શિક્ષકોએ વિશેષ ધ્યાન આપવું જરૂરી છે.

★ રમત અને પ્રવૃત્તિઓ દ્વારા મૂળાક્ષરોનો સતત મહાવરો કરાવવો હિતાવહ છે.

## સંશોધન–12

- ❖ **વિષય** : ગુજરાતી
- ❖ **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- ❖ **શીર્ષક** : ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓમાં ક્રિયાવિશેષણની સમજનો અભ્યાસ
- ❖ **ભાષા** : ગુજરાતી
- ❖ **સંશોધકનું નામ** : પ્રશાંતકુમાર પી. ભટ્ટ
- ❖ **શાળાનું નામ** : સી.આર.સી. કો–ઓર્ડિનેટર, ભૃગુપુર–2, ચુડા
- ❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

★ પ્રસ્તુત સંશોધન શિક્ષણની વ્યવહારિક સમસ્યાના ઉકેલ માટેનું હતું.

★ આ પ્રયોગ ભૃગુપુર પે–સેન્ટર શાળા નં. –2માં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કરવામાં આવ્યો હતો.

## (2) અભ્યાસના હેતુઓ

★ વિદ્યાર્થીઓમાં ક્રિયાવિશેષણની સમજ વિકસાવવી.

★ ગુજરાતી વ્યાકરણ શિક્ષણને રસપ્રદ અને સરળ બનાવવું.

## (3) કાર્ય પદ્ધતિ

### 3.1 સંશોધન યોજના

પ્રસ્તુત સંશોધન એ પ્રાયોગિક સંશોધન હતું.

### 3.2 નિદર્શ પસંદગી

★ પ્રસ્તુત અભ્યાસમાં શાળાની પસંદગી સહેતુક કરવામાં આવી હતી.

★ ભૃગુપુર પે–સેન્ટર શાળા નં. –2માં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ધોરણ 6 થી 8માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની નમૂનામાં પસંદગી કરવામાં આવી હતી.

### 3.3 ઉપકરણ

★ શૈક્ષણિક સાધન તરીકે સ્માર્ટ બોર્ડ, સ્માર્ટ ટી.વી. અને કમ્પ્યૂટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

★ શિક્ષણ માટે PPT, વાર્તા અને રમતો ઉપયોગમાં લેવાઈ હતી.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

★ પ્રયોગ પૂર્વે અને પ્રયોગ દરમિયાન વિદ્યાર્થીઓની ક્રિયાવિશેષણ સંબંધિત સમજનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

★ પ્રવૃત્તિઓ આધારિત મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

આંકડાકીય માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(4) **અભ્યાસના તારણો**

★ વિદ્યાર્થીઓમાં ક્રિયાવિશેષણ ઓળખવાની ક્ષમતા વધી.

★ નવીન શૈક્ષણિક પદ્ધતિઓ ખૂબ અસરકારક સાબિત થઈ.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

★ વ્યાકરણ શિક્ષણ આપવા નવીન પદ્ધતિઓ અપનાવવી.

★ વર્ગખંડમાં ICT અને TLM નો મહત્તમ ઉપયોગ કરવો.

★ વિદ્યાર્થીઓને જૂથ કાર્ય અને રમતો દ્વારા ભણાવવું.

## સંશોધન–13

❖ **વિષય** : અંગ્રેજી

❖ **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ

❖ **શીર્ષક** : ગોખરવાળા પ્રાથમિક શાળાના ધોરણ–8ના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષય પ્રત્યે અરુચિ ધરાવે છે

❖ **ભાષા** : ગુજરાતી

❖ **સંશોધાકનું નામ** : રમેશભાઈ પી. ચાવડા

❖ **શાળાનું નામ** : સી.આર.સી. કૉ–ઑર્ડિનેટર, ચુડા–2

❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

અંગ્રેજી વિષય પ્રત્યેની ધોરણ–8ના વિદ્યાર્થીઓની નીરસતા માટેના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન સંશોધક દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

★ વિદ્યાર્થીઓની અંગ્રેની વિષય પ્રત્યેની અરુચિના કારણો જાણવા.

★ સમસ્યાના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

## (3) કાર્ય પદ્ધતિ

### 3.1 સંશોધન યોજના

સમસ્યાના સંભવિત કારણો તપાસીને ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

### 3.2 નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં ગોખરવાળા પ્રાથમિક શાળાના ધોરણ–8ના 25 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા Spelling Games, Word building Games, Storytelling, Roll-playનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મૂલ્યાંકન માટે પ્રશ્નોત્તરી, જૂથચર્ચા, સંવાદ, અવલોકન જેવી પ્રયુક્તિઓ અને પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

- Listening અને Speaking Skillsમાં સારી પ્રગતિ જોવા મળી હતી.
- જૂથકાર્યને કારણે વિદ્યાર્થીઓમાં સંવાદ કૌશલ્યનો વિકાસ થયો હતો.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

★ વર્ગખંડમાં પ્રવૃત્તિ આધારિત શિક્ષણ કાર્ય થવું જોઈએ.

★ દૃશ્ય–શ્રાવ્ય સાધનોનો સુયોગ્ય ઉપયોગ કરવો જોઈએ.

★ દૈનિક જીવનમાં ઉપયોગી એવા સરળ વાક્યોનો મહાવરો કરાવવો જોઈએ.

**સંશોધન–14**

❖ **વિષય** : હિન્દી

❖ **સ્તર** : નિમ્ન પ્રાથમિક વિભાગ

❖ **શીર્ષક** : ધોરણ–5ના વિદ્યાર્થીઓ હિન્દી વ્યાકરણના તાસમાં જોડાય છે, પરંતુ વિશેષણને ઓળખવામાં અને તેના પ્રકાર ઓળખવામાં ભૂલો કરે છે

❖ **ભાષા** : ગુજરાતી

❖ **સંશોધકનું નામ** : સુનીલકુમાર ડી. બારૈયા

❖ **શાળાનું નામ** : સી.આર.સી. કૉ–ઑર્ડિનેટર, કંથારિયા, ચુડા

❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

★ પ્રસ્તુત સંશોધન શિક્ષણની વ્યવહારિક સમસ્યાના ઉકેલ માટેનું હતું.

★ આ પ્રયોગ કંથારિયા ક્લસ્ટરની સોનઠા પ્રાથમિક શાળાના ધોરણ–5માં કરવામાં આવ્યો હતો.

(2) **અભ્યાસના હેતુઓ**

★ વિદ્યાર્થીઓમાં વિશેષણની સમજ વિકસાવવી.

★ વિદ્યાર્થીઓમાં વિશેષણના પ્રકારોની સમજ વિકસાવવી.

★ ગુજરાતી વ્યાકરણ શિક્ષણને રસપ્રદ અને સરળ બનાવવું.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

પ્રસ્તુત સંશોધન એ પ્રાયોગિક સંશોધન હતું.

**3.2 નિદર્શ પસંદગી**

★ પ્રસ્તુત અભ્યાસમાં શાળાની પસંદગી સહેતુક કરવામાં આવી હતી.

★ કંથારિયા ક્લસ્ટરની સોનઠા પ્રાથમિક શાળામાં ધોરણ–5માં અભ્યાસ કરતા 48 વિદ્યાર્થીઓની નમૂનામાં પસંદગી કરવામાં આવી હતી.

**3.3 ઉપકરણ**

★ શૈક્ષણિક સાધન તરીકે સ્માર્ટ બોર્ડ, સ્માર્ટ ટી.વી. અને કમ્પ્યૂટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

★ શિક્ષણ માટે PPT, વાર્તા અને રમતો ઉપયોગમાં લેવાઈ હતી.

**3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ**

★ પ્રયોગ પૂર્વે અને પ્રયોગ દરમિયાન વિદ્યાર્થીઓની વિશેષણ સંબંધિત સમજનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

★ પ્રવૃત્તિઓ આધારિત મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

**3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ**

આંકડાકીય માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(4) **અભ્યાસના તારણો**

★ વિદ્યાર્થીઓમાં વિશેષણ ઓળખવાની ક્ષમતા વધી.

★ 50% વિદ્યાર્થીઓ વાક્યમાંથી વિશેષણ ઓળખી બતાવતા હતા.

★ 42% વિદ્યાર્થીઓ વિશેષણને ઓળખવાની સાથે તેનો પ્રકાર પણ જણાવી શકતા હતા. આમ, નવીન શૈક્ષણિક પદ્ધતિઓ ખૂબ અસરકારક સાબિત થઈ હતી.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

★ વ્યાકરણ શિક્ષણ આપવા નવીન પદ્ધતિઓ અપનાવવી.

★ વર્ગખંડમાં ICT અને TLM નો મહત્તમ ઉપયોગ કરવો.

★ વિદ્યાર્થીઓને જૂથ કાર્ય અને રમતો દ્વારા ભણાવવું.

## સંશોધન–15

- **વિષય** : મનોવિજ્ઞાન
- **સ્તર** : પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : ત્રણ–ચાર દિવસની લાંબાગાળાની રજા બાદ વિદ્યાર્થીઓ એક–બે દિવસ શાળાએ આવતા નથી
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : જયપાલસિંહ જી. મસાણી
- **શાળાનું નામ** : સી.આર.સી. કૉ–ઑર્ડિનેટર, ખાંભડા, ધ્રાંગધ્રાં
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

ત્રણ–ચાર દિવસની લાંબાગાળાની રજા બાદ વિદ્યાર્થીઓ એક–બે દિવસ શાળાએ આવતા નથી તેના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન સંશોધક દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

★ શાળાએ ન આવવા પાછળના કારણો જાણવા.

★ સમસ્યાના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

## (3) કાર્ય પદ્ધતિ

### 3.1 સંશોધન યોજના

સંશોધક દ્વારા 20 જેટલા સમસ્યાના સંભવિત કારણો રચવામાં આવ્યા હતા. જે ચકાસતા નીચેના વિધાનો અગ્ર ક્રમે જોવા મળ્યા હતા.

★ વિદ્યાર્થીઓની અનિયમિતતા બાબતે વાલી જાગૃત ન હોય.

★ શાળામાં સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી ન હોય.

★ રજાઓ બાદ એક–બે દિવસ શિક્ષકો દ્વારા શિક્ષણ કાર્ય કરાવવામાં આવતું ન હોય. શિક્ષકો પણ રજા ઉપર રહેતા હોય વગેરે...

આ વિધાનોને ધ્યાનમાં રાખીને ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

### 3.2 નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં ખાંભડા ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ–6 (અ)ના વર્ગની સહહેતુક પસંદગી કરવામાં આવી હતી. જેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ એ પ્રસ્તુત અભ્યાસનો નમૂનો હતો.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા પ્રત્યક્ષ નિરીક્ષણ, મુલાકાત અને અવલોકન જેવી પ્રયુક્તિઓ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

(4) **અભ્યાસના તારણો**

શાળા કક્ષાએ લાંબાગાળાની રજા બાદ સહ–અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવતા વિદ્યાર્થીઓની ગેરહાજરીનું પ્રમણ ઘટ્યું હતું.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

★ શાળામાં નિયમિત અને સમયસર હાજર રહેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જોઈએ.

★ શાળા કક્ષાએ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્પર્ધાત્મક કાર્યક્રમો યોજવા જોઈએ.

★ શિક્ષકોએ વાલીઓની રૂબરૂ મુલાકાત લેવી જોઈએ.

**સંશોધન–16**

❖ **વિષય** : મનોવિજ્ઞાન

❖ **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ

❖ **શીર્ષક** : વિદ્યાર્થીઓ પુસ્તકો/પુસ્તકાલયથી દૂર થતા જાય છે

❖ **ભાષા** : ગુજરાતી

❖ **સંશોધાકનું નામ** : રવિરાજસિંહ ડી. ઝાલા

❖ **શાળાનું નામ** : સી.આર.સી. કૉ–ઑર્ડિનેટર, સૌકા, લીંબડી

❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

લીંબડી તાલુકાના સૌકા ક્લસ્ટરની પ્રાથમિક શાળાઓની મુલાકાત દરમિયાન સંધોધાકને જાણવા મળ્યું કે વિદ્યાર્થીઓ પુસ્તક અને પુસ્તકાલયથી દૂર થતા જાય છે. આથી તેના કારણો શોધી આ સમસ્યા નિવારવા સંશોધક દ્વારા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

## (2) **અભ્યાસના હેતુઓ**

★ વિદ્યાર્થીઓ પુસ્તકો અને પુસ્તકાલયથી વિમુખ થવાના કારણો જાણવા.

★ સમસ્યાના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

## (3) **કાર્ય પદ્ધતિ**

### 3.1 સંશોધન યોજના

સંશોધક દ્વારા 21 જેટલા સંભવિત કારણો રચવામાં આવ્યા હતા. જે ચકાસતા નીચેના વિધાનો અગ્ર ક્રમે જોવા મળ્યા હતા.

★ વિદ્યાર્થીઓને વાંચન કરતાં રમતમાં વધુ પડતો રસ હોવો.

★ વિદ્યાર્થીઓ વાંચન કરતી વખતે કંટાળો અનુભવતા હોય.

★ વિદ્યાર્થીઓને કયા પુસ્તકોનું વાંચન કરવું તે અંગે શિક્ષકો દ્વારા પૂરતું માર્ગદર્શન મળતું ન હોય.

★ શાળા પુસ્તકાલયમાં વિદ્યાર્થીઓના રસ મુજબના પુસ્તકો પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ ન હોય વગેરે...

આ વિધાનોને ધ્યાનમાં રાખીને દસ દિવસનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

### 3.2 નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં સૌકા ક્લસ્ટરની છ શાળાઓની સહેતુક પસંદગી કરવામાં આવી હતી. આ શાળામાં અભ્યાસ કરતા ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનો નમૂનો હતો.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા પ્રત્યક્ષ નિરીક્ષણ, મુલાકાત અને અવલોકન જેવી પ્રયુક્તિઓ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

- ★ પ્રયોગ બાદ 50% વિદ્યાર્થીઓ શાળા પુસ્તકાલયની નિયમિત મુલાકાત લેતા થયા હતા.
- ★ 30% વિદ્યાર્થીઓ સામયિકો અને સમાચારપત્રોના લેખો વાંચતા થયા હતા.
- ★ 30% વિદ્યાર્થીઓ પુસ્તકાલય સમિતિમાં જોડાયા હતા.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

- ★ સપ્તાહમાં બે દિવસ પ્રાર્થના કાર્યક્રમમાં પુસ્તક પરિચયનો મુદ્દો રાખવો જોઈએ.
- ★ શિક્ષકોએ વિદ્યાર્થીઓને તેમની વયકક્ષા અને માનસિક કક્ષા મુજબ કયા કયા પુસ્તકોનું વાંચન કરવું જોઈએ તે બાબતે માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ.
- ★ શિક્ષણકાર્ય દરમિયાન શિક્ષકોએ પણ સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરવો જોઈએ.
- ★ શાળા કક્ષાએ પુસ્તકાલય સમિતિની રચના કરવી જોઈએ.
- ★ વિદ્યાર્થીઓમાં વાંચન ક્ષમતાનો વિકસે તેવી પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ.

## **સંશોધન**–17

- ❖ **વિષય** : મનોવિજ્ઞાન
- ❖ **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ

❖ **શીર્ષક** : ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓની પુસ્તકાલયના પુસ્તકના ઓછા ઉપયોગનો અભ્યાસ

❖ **ભાષા** : ગુજરાતી

❖ **સંશોધાકનું નામ** : સંજયકુમાર વી. ગાબુ

❖ **શાળાનું નામ** : સી.આર.સી. કો–ઑર્ડિનેટર, ચુડા–3

❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

ચુડા તાલુકાના ચુડા–3 ક્લસ્ટરની શ્રી રામદેવગઢ પ્રાથમિક શાળાની મુલાકાત દરમિયાન સંધોધાકને જાણવા મળ્યું કે ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓ પુસ્તકાલયના પુસ્તકોનો ઓછો ઉપયોગ કરે છે. આથી તેના કારણો શોધી આ સમસ્યા નિવારવા સંશોધક દ્વારા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

(2) **અભ્યાસના હેતુઓ**

★ વિદ્યાર્થીઓ પુસ્તકો અને પુસ્તકાલયથી વિમુખ થવાના કારણો જાણવા.

★ સમસ્યાના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સંશોધક દ્વારા 12 જેટલા સંભવિત કારણો રચવામાં આવ્યા હતા. જે ચકાસતા નીચેના વિધાનો અગ્ર ક્રમે જોવા મળ્યા હતા.

★ વિદ્યાર્થીઓને મનપસંદ પુસ્તક પુસ્તકાલયમાંથી સરળતાથી પ્રાપ્ત થતું ન હોય.

★ પુસ્તક આપવા માટેની સુઘડ વ્યવસ્થાનો અભાવ.

★ શિક્ષકો દ્વારા પૂરતું માર્ગદર્શન મળતું ન હોય.

★ શાળા પુસ્તકાલયમાં વિદ્યાર્થીઓના રસ મુજબના પુસ્તકો પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ ન હોય વગેરે...

આ વિધાનોને ધ્યાનમાં રાખીને દસ દિવસનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

### 3.2 નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં ચુડા–૩ ક્લસ્ટરની શ્રી રામદેવગઢ પ્રાથમિક શાળાની સહેતુક પસંદગી કરવામાં આવી હતી. આ શાળામાં અભ્યાસ કરતા ધોરણ 6 થી 8ના કુલ 34 વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનો નમૂનો હતો.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા પ્રત્યક્ષ નિરીક્ષણ, મુલાકાત અને અવલોકન જેવી પ્રયુક્તિઓ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

★ પ્રયોગ બાદ 73% વિદ્યાર્થીઓ પુસ્તકાલયના પુસ્તકોનો ઉપયોગ કરતા થયા હતા.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

★ સપ્તાહમાં બે દિવસ પ્રાર્થના કાર્યક્રમમાં પુસ્તક પરિચયનો મુદ્દો રાખવો જોઈએ.

★ શિક્ષકોએ વિદ્યાર્થીઓને તેમની વયકક્ષા અને માનસિક કક્ષા મુજબ કયા કયા પુસ્તકોનું વાંચન કરવું જોઈએ તે બાબતે માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ.

★ શિક્ષણકાર્ય દરમિયાન શિક્ષકોએ પણ સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરવો જોઈએ.

★ શાળા કક્ષાએ પુસ્તકાલય સમિતિની રચના કરવી જોઈએ.

**સંશોધન–18**

- ❖ **વિષય** : અંગ્રેજી
- ❖ **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- ❖ **શીર્ષક** : ધોરણ–6ના વિદ્યાર્થીઓમાં અંગ્રેજી શબ્દભંડોળનો અભાવ જોવા મળે છે
- ❖ **ભાષા** : ગુજરાતી
- ❖ **સંશોધાકનું નામ** : હેતલ એમ. શુક્લ
- ❖ **શાળાનું નામ** : સી.આર.સી. કો–ઓર્ડિનેટર, ઝાંપોદર, વઢવાણ
- ❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

શ્રી ઝાંપોદર પ્રાથમિક શાળા, તાલુકો વઢવાણ, જીલ્લો સુરેન્દ્રનગરના ધોરણ–6ના વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષયના શબ્દભંડોળ (Vocabulary) નો મોટો અભાવ જોવા મળ્યો હતો. ભાષાકીય પાયો નબળો હોવાની આ સમસ્યા માત્ર કોઈ એક શાળા કે વર્ગ પૂરતી મર્યાદિત નથી, પરંતુ સંશોધનમાં ચોક્કસ વૈજ્ઞાનિકતા જળવાઈ રહે તે હેતુથી આ ક્રિયાત્મક સંશોધનને ધોરણ–6ના વિદ્યાર્થીઓ પૂરતું મર્યાદિત રાખવામાં આવ્યું હતું. ભૂતકાળમાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ પાસે વાંચન કરાવવું, પાયાનું જ્ઞાન આપવું અને અંગ્રેજી તાસના સમયમાં ફેરફાર કે વધારો કરવા જેવા પરંપરાગત પ્રયત્નો કરવામાં આવ્યા હતા, પરંતુ તેનાથી અપેક્ષિત સફળતા મળી ન હતી.

(2) **અભ્યાસના હેતુઓ**

★ ધોરણ–6 ના વિદ્યાર્થીઓમાં અંગ્રેજી શબ્દભંડોળના અભાવ પાછળના વાસ્તવિક અને પાયાના કારણો વૈજ્ઞાનિક ઢબે શોધવા.

★ વિદ્યાર્થીઓમાંથી અંગ્રેજી વિષય પ્રત્યેનો ડર, અરૂચિ અને બોલવાનો સંકોચ દૂર કરવો.

★ આધુનિક શિક્ષણ પદ્ધતિઓ અને વિવિધ રસપ્રદ પ્રવૃત્તિઓનો અમલ કરીને વિદ્યાર્થીઓના શબ્દભંડોળમાં નોંધપાત્ર વધારો કરવો.

(3) **કાર્ય 'પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

પ્રસ્તુત અભ્યાસમાં વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક 'ક્રિયાત્મક સંશોધન' (Action Research) પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સમસ્યા માત્ર ધારણા આધારિત છે કે વાસ્તવિક હકીકત, તે ચકાસવા માટે ડેટા આધારિત અભિગમ અપનાવવામાં આવ્યો હતો.

**3.2 નિદર્શ પસંદગી**

આ સંશોધન માટે શ્રી ઝાંપોદર પ્રાથમિક શાળાના ધોરણ–6ના વર્ગના કુલ 40 વિદ્યાર્થીઓની નમૂના (Sample) તરીકે પસંદગી કરવામાં આવી હતી.

**3.3 ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સમસ્યાના મૂળ સુધી પહોંચવા માટે મુખ્યત્વે બે માર્ગો અપનાવવામાં આવ્યા હતા : નિરીક્ષણ (Observation) અને કસોટી (Testing).

**3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ**

પાયાની માહિતી એકત્ર કરવા માટે નીચે મુજબની પ્રવિધિઓનો ઉપયોગ કરાયો હતો :

★ શાળાના આચાર્ય અને અન્ય શિક્ષકો સાથે મુલાકાત તેમજ પ્રશ્નોત્તરી દ્વારા બાળકની પરિસ્થિતિની જાણકારી મેળવવામાં આવી હતી.

★ વિદ્યાર્થીઓના માતા–પિતા સાથે રૂબરૂ મુલાકાત કરીને, ઘરની સામાજિક–આર્થિક પરિસ્થિતિ અને શૈક્ષણિક વાતાવરણનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

★ વિદ્યાર્થીઓના જૂના પરિણામો ચકાસવામાં આવ્યા અને પ્રશ્નાવલી આધારિત કસોટીઓનું આયોજન કરી તેમની વાસ્તવિક તકલીફો જાણવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

★ વિદ્યાર્થીઓના અગાઉના શૈક્ષણિક રેકોર્ડનું વિશ્લેષણ કરવામાં આવ્યું અને તેમના મિત્રો સાથે મુલાકાત કરી પૂરક માહિતી એકઠી કરવામાં આવી હતી.

## 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

એકત્રિત કરાયેલી માહિતીના આધારે 17 જેટલા સંભવિત કારણોનું પૃથક્કરણ કરવામાં આવ્યું, જેમાં અંગ્રેજી પ્રત્યેનો ડર, વાંચનનો અભાવ, સાહિત્યની અછત, વ્યાકરણ અને સ્પેલિંગની ઓછી સમજ, તેમજ વાલીઓમાં અક્ષરજ્ઞાનનો અભાવ અને સામાજિક વાતાવરણ જેવા પરિબળો જવાબદાર જણાતા હતા. આ કારણોમાંથી જે બાબતોમાં શિક્ષક પોતે પ્રત્યક્ષ સુધારો કરી શકે તેમ હોય, તેના આધારે નીચે મુજબની ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ (Action Hypotheses) ઘડવામાં આવી :

★ વાલીઓની સભા બોલાવીને તેમને અંગ્રેજી ભાષાના મહત્વ વિશે સમજાવવું અને ઘરમાં પૂરતો સમય આપવા પ્રેરિત કરવા.

★ શિક્ષકો દ્વારા વર્ગખંડમાં ડરમુક્ત અને પ્રેમભર્યું વાતાવરણ ઊભું કરવું.

- ★ શબ્દભંડોળ વધારવા માટે ચાર્ટ, ચિત્રો, શારીરિક હાવભાવ (Action), શબ્દોની રમતો અને પરસ્પર સ્પર્ધાઓનું આયોજન કરવું.
- ★ વિદ્યાર્થીઓને ડિક્શનરી (શબ્દકોષ) નો ઉપયોગ કરતા શીખવવું અને ટેકનોલોજીના માધ્યમથી વાર્તા, કવિતા તેમજ દ્રશ્ય-શ્રાવ્ય (ICT) સાધનોનો ઉપયોગ કરવો

(4) **અભ્યાસના તારણો**

નવી પ્રવૃત્તિઓ અને પ્રયોગોના અમલીકરણ પછી વર્ગખંડમાં ખૂબ જ સકારાત્મક અસરો અને તારણો જોવા મળ્યા :

- ★ પ્રયોગની શરૂઆતમાં 40 માંથી માત્ર 10 જ વિદ્યાર્થીઓ અંગ્રેજી શબ્દો સમજી શકતા હતા, જ્યારે પ્રયોગના અંતે 22 વિદ્યાર્થીઓના શબ્દભંડોળના ઉપયોગમાં મોટો વધારો થયો.
- ★ વર્ગના 30 વિદ્યાર્થીઓ સરળતાથી સમાનાર્થી અને વિરોધી શબ્દો આપતા થયા અને 33 વિદ્યાર્થીઓ જવાબો આપવા માટે સક્રિય પ્રયત્નો કરવા લાગ્યા.
- ★ જે 30 વિદ્યાર્થીઓ ક્યારેય ઉત્તર આપતા ન હતા, તેમાંથી 23 વિદ્યાર્થીઓ વર્ગમાં બોલતા થયા, અને સંકોચ અનુભવતા 26 માંથી 24 વિદ્યાર્થીઓ વિના સંકોચે જવાબો આપવા લાગ્યા.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ના પાયાના સિદ્ધાંતો સાથે સીધું સુસંગત છે, જેને શાળા શિક્ષણ અને શિક્ષક–પ્રશિક્ષણમાં નીચે મુજબ લાગુ કરી શકાય :

- ★ **પ્રવૃત્તિ-આધારિત અને આનંદદાયક શિક્ષણ (Activity-Based & Experiential Learning) :** NEP ગોખણપટ્ટીના સ્થાને અનુભવજન્ય શિક્ષણ પર ભાર મૂકે છે. આ

સંશોધનમાં દર્શાવ્યા મુજબ ચાર્ટ, ચિત્રો, રમત-ગમત અને નાટ્યીકરણ (Action) દ્વારા ભાષા શીખવવાની પદ્ધતિઓને પ્રાથમિક શાળાઓમાં વ્યાપક બનાવવી જોઈએ.

★ **ટેકનોલોજી અને મલ્ટિમીડિયાનો સમન્વય (ICT Integration) :** શિક્ષણ નીતિ ડિજિટલ સાક્ષરતાની હિમાયત કરે છે. વર્ગખંડમાં દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમો, શૈક્ષણિક વિડીયો અને ICT સાધનોનો ઉપયોગ કરીને મુશ્કેલ વિષયોને રસપ્રદ બનાવી શકાય છે.

★ **શિક્ષક-પ્રશિક્ષણમાં પરિવર્તન (Teacher Capacity Building) :** શિક્ષકોનું પરંપરાગત કડકાઈભર્યું વર્તન વિદ્યાર્થીઓના અધ્યયનમાં અવરોધ બને છે. શિક્ષક-પ્રશિક્ષણ (B.Ed./D.El.Ed.) ના અભ્યાસક્રમમાં એવા મોડ્યુલ્સ ઉમેરવા જોઈએ જે શિક્ષકોને બાળ-કેન્દ્રીય, સ્નેહપૂર્ણ અને સહાનુભૂતિપૂર્વકનું વાતાવરણ બનાવવાની તાલીમ આપે.

★ **શાળા-સમુદાય જોડાણ (Parent & Community Engagement) :** વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે શાળા અને વાલીઓ વચ્ચેનો સંવાદ અનિવાર્ય છે. નિયમિત વાલી સભાઓ (SMC બેઠકો) દ્વારા ગ્રામીણ અને પછાત વર્ગના વાલીઓમાં જાગૃતિ લાવી શિક્ષણ પ્રક્રિયામાં તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવી એ NEP નો મુખ્ય ઉદ્દેશ્ય છે.

## સંશોધન–19

- **વિષય** : અંગ્રેજી
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : શ્રી ચમારજ પે–સેન્ટર શાળાના ધોરણ–૮ના વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણમાં ભૂલો કરે છે
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : સ્નેહા એસ. ખંધાર
- **શાળાનું નામ** : સી.આર.સી. કૉ–ઑર્ડિનેટર, લટુડા, વઢવાણ
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

સુરેન્દ્રનગર જિલ્લાની શ્રી ચમારજ પે–સેન્ટર શાળાના ધોરણ–8ના વિદ્યાર્થીઓ અંગ્રેજી ઉચ્ચારણમાં ભૂલો કરતા જોવા મળ્યા હતા. આ સમસ્યાના કારણો જાણી વૈજ્ઞાનિક ઢબે તેનો ઉકેલ શોધવા સંશોધક દ્વારા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

(2) **અભ્યાસના હેતુઓ**

★ વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષા પ્રત્યે રસ કેળવવો.

★ વિદ્યાર્થીઓ અંગ્રેજી સમજતા અને બોલતા શીખે.

★ અંગ્રેજી ભાષા પ્રત્યેનો સંકોચ અને ડર દૂર કરવો.

★ વિદ્યાર્થીઓ શુદ્ધ અંગ્રેજી ઉચ્ચારણ કરતા શીખે.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

★ આ એક ક્રિયાત્મક સંશોધન (Action Research) છે.

**3.2 નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં શ્રી ચમારજ પે–સેન્ટર શાળાના ધોરણ–8ના 20 વિદ્યાર્થીઓને નમૂનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**3.3 ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા પ્રત્યક્ષ નિરીક્ષણ, મુલાકાત અને અવલોકન જેવી પ્રયુક્તિઓ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

★ વર્ગખંડમાં વિદ્યાર્થીઓ પાસે અંગ્રેજી ફકરાનું વાંચન કરાવ્યું.

★ શિક્ષકો, આચાર્ય અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા-વિચારણા કરી.

★ સમસ્યાના સંભવિત કારણો જાણવા પ્રશ્નાવલી તૈયાર કરી.

★ વિદ્યાર્થીઓ પાસેથી પ્રશ્નાવલી દ્વારા પ્રતિભાવો મેળવ્યા.

**3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

★ સહમત/અસહમત અને હકીકત/ધારણાના આધારે પૃથક્કરણ કર્યું.

★ સમસ્યાના ઉકેલ માટે અગ્રતા ક્રમ નક્કી કર્યા.

## (4) અભ્યાસના તારણો

★ વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલા સ્ટેજ ફિયર (Stage Fear)ને લીધે ભૂલો કરતા હતા.

★ શિક્ષકો પોતે અમુક ખોટા ઉચ્ચારણો કરે છે, જેની અસર વિદ્યાર્થીઓ પર પડે છે.

★ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને પાયાના જ્ઞાનનો અભાવ જોવા મળ્યો હતો.

★ વિદ્યાર્થીઓને અંગ્રેજી બોલવાની પૂરતી તક મળતી ન હતી.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

★ **શિક્ષક–પ્રશિક્ષણ (Teacher Training) :** શિક્ષકોના પોતાના ઉચ્ચારણો શુદ્ધ કરવા માટે ખાસ તાલીમ આપવી જરૂરી છે.

★ **ભયમુક્ત વાતાવરણ** : NEP મુજબ વર્ગખંડમાં રમત-ગમત અને પ્રવૃત્તિ દ્વારા સ્ટેજ ફિયર દૂર કરવો જોઈએ.

★ **પાયાની સાક્ષરતા** : અંગ્રેજીના પાયાના જ્ઞાનને મજબૂત કરવા ઉપચારાત્મક શિક્ષણ (Remedial Teaching) આપવું જોઈએ.

★ **બોલવાની તકો** : ભાષા પ્રયોગશાળા (Language Lab) કે આધુનિક સાધનો (ટીવી, રેડિયો) નો ઉપયોગ વધારવો જોઈએ.